## જી.પી.આઇ.ડી. કેસ નં.૦૪/૨૦૨૪ ના કામે ચાર્જશીટ તળે હુકમ

સદરહુ કામે આરોપી જયુડી.કસ્ટડીમાં છે. અગાઉ સદરહુ કામે આરોપીની જામીન અરજી રદ કરતા સમયે સદરહુ કેસના ટ્રાયલ માટેનું શીડયુલ મુકરર કરેલ હોવા છતાં, પ્રોસી. તરફથી પોતાનો પુરાવો રજુ કરવા માટે કોઇ પ્રયત્ન કરેલ ન હોવાનું રેકર્ડ ઉપરથી જણાય આવે છે. રેકર્ડ જોતા પ્રોસીકયુશન તરફથી આજદીન સુધી વખતો વખત ચાર્જશીટમાં જણાવેલ વિગતના દસ્તાવેજી પુરાવા રજુ કરવા માટે માંગ્યા મુજબનો સમય આપવા છતાં, કોઇ અગમ્ય કારણસર, વેરાવળ પોલીસ સ્ટેશન તરફથી તેમના કબજાના અસલ દસ્તાવેજી આધારો રજુ કરવાનું ટાળવામાં આવી રહેલ હોય, નામદાર સુપ્રીમ કોર્ટના શૈલેન્દ્રકુમાર વિરુધ્ધ સ્ટેટ ઓફ બિહાર, ૨૦૦૨(૧),SCC,પાના નં.૬૫૫ ના ચુકાદાના પેરા નં.–૯ માં ઠરાવ્યા મુજબ, ફેર મુદત તારીખે અસલ દસ્તાવેજો રજુ કરવા સારુ તથા ત્યારબાદની દરેક સુનવણી દરમ્યાન ત.ક.અમલદારશ્રી/સબંધીત પોલીસ સ્ટેશનના જવાબદાર અધીકારીશ્રી એ ટ્રાયલ પુર્ણ ન થાય ત્યાં સુધી અદાલત સમક્ષ રુબરુ હાજર રહેવુ અને શીડયુલ મુજબના સાહેદોની જુબાની નોંધી શકાય તે માટે સાહેદોને જાતેથી સમન્સ બજાવવા હુકમ કરવામાં આવે છે.

હુકમ મુજબ ત.ક.અમલદારશ્રી/સબંધીત પો.સ્ટેશનના જવાબદાર અધીકારીશ્રીને યાદી કરવી.

હુકમ આજરોજ તા.૨૦/૦૮/૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાતલમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(પી.એસ.ગઢવી)
સેશન્સ જજ
ગીર સોમનાથ એટ વેરાવળ.
(જી.જે.૦૦૪૪૦)